www.jigarpublicity.com
Industrial Directory Publisher
Jhgadia, Dahej, Panoli, Nandesari (Padra), Saykha, Vilayat, Dahej & Narmadanagar
Jigar Publicity
jigarpublicity@gmail.com |+91 9998980519


# બર્ડ વ્યૂ ઓફ ઈન્ડસ્ટ્રીઝ
# BIRD VIEW OF INDUSTRIES

તંત્રી : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ
EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
(ગુજરાતી પાક્ષિક વર્તમાનપત્ર)
(Gujarati Fortnightly Newspaper)

VOLUME : 15 ISSUE : 12 DATE: 16- 09 -2023 PAGES : 4 Retail Price Rs: 3/- RNI NO: GUJGUJ/2009/28249
OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR-2, DIST: BHARUCH (9998980519)
www.birdviewofindustries.com Email: birdviewofindustries@gmail.com Post Reg. No: L1/BCH/126/2021-23


# બલ્ક ડ્રગ પાર્કની લોક પર્યાવરણ સુનાવણી યોજાઈ ગઈ






તારીખ ૧૧ મી સપ્ટેમ્બરે ભરૂચ જિલ્લાના જંબુસર તાલુકાના બાકરપોર ટીમ્બી ગામના ક્રિકેટ ગ્રાઉન્ડ ખાતે આ વિસ્તારમાં આવનાર બલ્ક ડ્રગ પાર્કની લોક પર્યાવરણ સુનાવણી યોજવામાં આવી હતી. જેમાં ખુબ મોટી સંખ્યામાં અસરગ્રસ્ત વિસ્તારના લોકોએ ભાગ લીધો હતો. લોક પર્યાવરણ સુનાવણી લાંબો સમય ચાલી હતી. જેમાં લોકોએ તેમને મુંઝવતા પ્રશ્નો કર્યાં હતા. જો કે કેટલાક પ્રશ્નોના જવાબો પછી અને લેખિતમાં આપવાની વાતથી લોકોએ નારાજગી વ્યક્ત કરી હતી. જો કે પર્યાવરણના પ્રશ્ને લોકોએ સરકાર વધારે તકેદારી રાખે તેવી અપેક્ષા વ્યક્ત કરી હતી.

દેશમાં ત્રણ બલ્ક ડ્રગ પાર્ક આવી રહ્યા છે. જેમાં ગુજરાતમાં જંબુસર તાલુકામાં આવી રહ્યો છે. બલ્ક ડ્રગ પાર્કનો પ્રમોટર અને ડેવલપર ગુજરાત ઈન્ડસ્ટ્રીઅલ ડેવેડેપોમેન્ટ કોર્પોરેશન (GIDC) છે. આ બલ્ક ડ્રગ પાર્ક જંબુસર તાલુકાના કણસાગર, ટંકારી બંદર, ઠાકોર તલાવડી, બાકરપુર ટીંબી, આસનવડ, ઈસ્લામપુર તથા માંદફર ગામની જમીન પર સ્થપાનાર છે. તે માટેની જમીન સંપાદન થઈ ગઈ છે. GIDC ૮૧૫.૪૬ હેક્ટર વિસ્તારમાં બલ્ક ડ્રગ સ્થાપનાર છે. તેનો ખર્ચ ૩૫૦૦ કરોડ રૂપિયા અંદાજવામાં આવ્યો છે.

આ લોકપર્યાવરણ સુનાવણી ભરૂચના અધિક નિવાસી કલેક્ટર એન.આર ધાંધલની અધ્યક્ષતામાં યોજાઈ હતી. જેનું સંચાલન ભરૂચ જીપીસીપીના પ્રાદેશિક અધિકારી કે.એન . વાઘમશીએ કર્યું હતું. લોક પર્યાવરણ સુનાવણી લોકો માટે ખુલ્લી મુકતા લોકોએ પ્રશ્નોનો મારો ચલાવ્યો હતો. જેમાં તેમને પ્રમાણમાં ઓછું વળતર અપાયું હોવાની ફરિયાદ કરી હતી. તેમને આ માટે તુલના કરવા અનેક ઉદાહરણો રજુ કર્યાં હતા.

આ ઉપરાંત બીજો પ્રશ્ન રોજગારીનો રજુ કરાયો હતો. જેમાં બાંધકામ વખતે ૩૫૦૦ લોકોને રોજગારી આપવાની વાત કરવામાં આવી હતી. જેમાં સ્થાનિકોને મહત્તમ પ્રાધાન્ય આપવા જણાવાયું હતું. જો કે GIDC દ્વારા કમ્પાઉન્ડ વોલ બનાવવામાં આવી, પરંતુ એકપણ સ્થાનિકને નોકરીએ ના રાખવાની વાત જણાવી હતી. જો અત્યારે થયેલ કામમાં એકપણ સ્થાનિકને નોકરીએ ના રાખવામાં આવ્યો હોઈ તો પછી ભવિષ્યમાં નોકરીએ કઈ રીતે રાખશો તેનો વિશ્વાસ કઈ રીતે કરી શકાય. ગુજરાતમાં ૮૫ ટકા સ્થાનિકોને નોકરીએ રાખવાના હોઈ છે પરંતુ દહેજ અને બીજી ઝોનો એવો અનુભવ છે કે ૯૦ ટકાથી ઉપર સ્થાનિક હોતા નથી. તેમને સ્થાનિકોની વ્યાખ્યા બાબતનો પણ વિરોધ ઉઠાવ્યો હતો, તેમને સ્થાનિકની જગ્યાએ અસરગ્રસ્ત લોકોને પ્રાધાન્ય આપવા અપીલ કરી હતી. આ ઉપરાંત સ્થાનિકોને નાનામોટા કોન્ટાક્ટમાં પણ ભાગીદારી આપવામાં આવે તેવી રજુઆત કરવામાં આવી હતી.

અત્યારે બલ્ક ડ્રગ પાર્કની જે કંપાઉન્ડ વોલ બનાવવામાં આવી તેનાથી આસપાસના ખેતરોમાં વરસાદના પાણીનો નિકાલ અટકી ગયો. તેના નુકસાનનું વળતર કોણ અપાશે અને ક્યારે આપવામાં આવશે. તેવો પ્રશ્ન કરાયો હતો. ઉપરાંત આ પ્રશ્નના કાયમી નિકાલ માટે શું કરવામાં આવશે તેનો જવાબ માંગવામાં આવ્યો હતો.

બાંધકામને લઈને પાણી પાછા પડતા ૪૦ જેટલા માછીમારોના ઘરમાં પાણી ભરાઈ જવાની ઘટના બની રહી છે. તેમની રોજીરોટી છીનવાઈ જવાની સાથે તેમના રહેઠાણનો પણ પ્રશ્ન ઉભો થતા તેમના માટે અસ્તિત્વ જાળવી રાખવાનો પ્રશ્ન ઉભો થયો છે. તેમના પ્રશ્નના યોગ્ય નિકાલ માટે તેમને હૃદયદ્રાવક અપીલ કરી હતી.

જે ગામોની જમીન સંપાદન કરવામાં આવી છે તેમાં ગામના તળાવોનો પણ સમાવેશ થાય છે. તેથી પશુઓને પાણી પીવાની કોઈ પર્યાય ઉભો કરવાની અપીલ કરવામાં આવી હતી. તળાવનો પર્યાય શું તેવો પ્રશ્ન કરાયો હતો.

જેની ઉપર સૌથી વધુ ચર્ચા થઇ તે જે ગામની ગોચરની જમીન સંપાદન કરવામાં આવી છે. તેમને તેના પર્યાય તરીકેબીજા ગામમાં ગોચરની જમીન ફાળવવા બાબતે થઇ હતી. શું અમે અમારા પશુઓ લઈને બીજા ગામમાં ચરાવવા કેવી રીતે જઈ શકીએ. બીજા ગામવાળા તેમના ગામમાં અમને પશુઓ કઈ રીતે ચરાવવા દેશે. બીજા ગામવાળા અમારા પશુઓને પકડીને દંડ કરશે તો? અમને દરરોજ પશુઓ ચરાવવા લઇ જવા અને લાવવા માટે વાહનની અને તેમાં વપરાતા ઈંધણની સુવિધા આપવામાં આવશે ખરી? આવા વાસ્તવિકતાથી દૂર નિર્ણય કરવા માટે લોકોએ આક્રોશ સાથે ઉધડો લીધો હતો. આથી દરેક ગામને તેમના ગામમાં જ ગોચર ફાળવવા અપીલ કરવામાં આવી હતી.

રોજગારી બાબતે પણ ૬૭૦૦૦ લોકોને રોજગારી મળવાની સંભાવના દર્શાવવામાં આવી છે, પરંતુ દહેજ અને બીજા વિસ્તારોનો અનુભવ દર્શાવતા જણાવાયું હતું કે સ્થાનિકોને ૮૫ ટકા નોકરી આપવામાં આવતી નથી. સ્થાનિકોની વ્યાખ્યાની જગ્યાએ અસરગ્રસ્ત લોકો ને નોકરી આપવા પાર ભાર મુકવામાં આવ્યો હતો.

આ ઉપરાંત અહીં આવનાર TSDF સાઈટનો અને ઈન્સીનરેટર નો પણ વિરોધ કરવામાં આવ્યો હતો. તેનાથી થનારા પ્રદુષણ અને લોકોના સ્વાસ્થ્ય પર થનારી અસરની જવાબદારી કોની તેવો પ્રશ્ન કરાયો હતો. જો કે એફલુઅન્ટની પાઈપલાઈન દહેજ સુધી લઇ જવાશે અને ત્યાં દરિયામાં ૪ કિલોમીટર ઊંડે તેનો નિકાલ કરવામાં આવશે તેમ જણાવાયું હતું.

બલ્ક ડ્રગ પાર્કની દીવાલ બનતા ખેડૂતોના ખેતરમાં જવાના રસ્તા બંધ થઇ જતા હવે ખેડૂતો કેવી રીતે તેમના ખેતરમાં જશે તેવો પ્રશ્ન કરાયો હતો. જવાબમાં જણાવાયું હતું કે બલ્ક ડ્રગ પાર્કમાં રસ્તા બનાવવામાં આવશે અને તે સૌ માટે ખુલ્લા રાખવામાં આવશે. તેમજ સ્થળ વિઝીટ કરીને પ્રશ્નનો વાસ્તવિક ઉકેલ લાવવા જણાવાયું હતું.

મહિલાઓ દ્વારા એવી પણ રજુઆત કરાઈ હતી કે દરેક ગામ અને વિસ્તારની સંસ્કૃતિ રીતરિવાજ અલગ અલગ હોય છે. અહીં બહારથી આવીને લોકો વસશે જેથી અમારા ગામડાઓનું સામાજિક સંતુલન ખોરવાશે. બહેન, દીકરીઓની સલામતીનો પ્રશ્ન ઉભો થશે. ગુનાઓનું પ્રમાણ વધશે. તેથી અમે તેનો વિરોધ કરીએ છીએ.

એવો પ્રશ્ન કરાયો હતો કે અહીં રહેણાંક કોલોની કઈ જગ્યાએ ઉભી કરવામાં આવશે. તેમને પાણી ક્યાંથી પૂરું પાડવામાં આવશે. જેથી અમને અપાતા પાણી માં ભાગ પડશે. જે અમને મંજુર નથી. રહેણાંક કોલોનીને લઈને ઉભા થનાર પ્રશ્નો વિષે પણ રજુઆત કરવામાં આવી હતી.

આ ઉપરાંત દરિયાઈ ખાડીને આ વિસ્તારની પ્રાકૃતિક સંપદા તરીકે ઓળખાવવામાં આવી હતી. ઈન્ડસ્ટ્રીઝને લઈને તેને કોઈ પણ પ્રકારનું નુકસાન ના થાય તેની બાંહેધરી માંગવામાં આવી હતી.

આ ઉપરાંત આ વિસ્તારમાં સરકાર દ્વારા નવસાધ્ય જમીન ફાળવવામાં આવી હતી. તે સરકારે સંપાદન કરી લેતા ખેડૂતોને માથે હાથ દઈ રોવાનો વારો આવ્યો છે.

તેમાં બંજર જમીનને ખેડૂતોએ પરસેવો પાડીને વર્ષોની મહેનત પછી ખેતીલાયક બનાવી, હવે આ જમીન સરકારે લઇ લીધી. જમીન નામે નહિ થઇ હોવાથી કશું વળતર મળ્યું નહિ. આવા ખેડૂતોને વળતર આપવા માંગ કરાઈ.

લોક સુનાવણી ને અનુલક્ષીને વિભાગીય પોલીસ અધિક્ષક પી.એલ ચૌધરીના માર્ગદર્શન હેઠળ પોલીસ ઈન્સ્પેક્ટર વી.એન રબારીએ સ્થળ ઉપર ચાંપતો પોલીસ બંદોબસ્ત ગોઠવ્યો હતો.


M :- 098252 75080, 094277 06485
A-ONE CONSULTANTS
EXPLOSIVE CONSULTANTS & SOLVENT CONSULTANTS
Email :- aoneconsultant@yahoo.com Web :- www.explosivelicenseconsultant.com
Contact For Following Licenses
(1) Methanol Consultant
(2) Ethanol Consultant
(3) Poison Licence
(4) Sulphur Licence
(5) Chlorate Licence
(6) Explosive Licence
(7) PESO Licence
(8) Solvent Consultant
(9) MSME Registration
(10) IEM from Delhi
(11) APP certificate From Gandhinagar (Annual Production Program from I.C. Office Gandhinagar for Ethanol)
We Provide Professional Services to aquiring PESO / Explosive Licence/ MA-1 & MA-2 Licence /Poison Licence/APP From Gandhinagar/ Methanol & Ethanol Licence / Sulphur Licence From Concern Dept.
-: Branch office :-
145, DREAMZ, A Buisness Park, At & Post. Vaillage Amadara, Dahej Bharuch High way, Bharuch (DIST-BHARUCH)
-: Registered office & Administration office :-
ADD.: 220, Panchratna Bldg. Char Rasta, G.I.D.C. VAPI - 396 195 (DIST-VALSAD)
Email : aoneconsultant@yahoo.com. Web : www.aoneconsultants.com. (M) 9825275080, 9427706485

Samir Lakhani +91 98985 90548
Rauf Vindhani +91 82001 20336
"We Believe in Pollution Free Environment"
Star Decontamination & Recycling
Authorised by Gujarat Pollution Control Board
One Stop Waste Solution
Deal in: Barrels, Drums, Tank, Containers, Carboys, Liners, Plastic Waste, Hazardous waste, Industrial waste, Spent Solvent, Waste Oils, Used Oils, E- Waste, Wooden Scrap, All Types of Recycled Waste.
Survey No: 606, Vasna Bujarg, Dandi Road, Dholka-Kheda Road, Kheda, Gujarat-387 411, E-mail: stardecontamination@gmail.com

PERFECT SCALE SINCE - 1988
Govt. Approved
PERFECT SCALE
SALES & SERVICE
AN ISO 9001 : 2015 CERTIFIED COMPANY
One Stop Solution for All Types of Electronic Balances & Weighing Automation
12, Bhavesh Shopping Centre, Behind Hotel Royal Palace, Near Railway Station, GIDC, Ankleshwar - 393 002.
Ph. : 02646 253759 • M. : 98241 12531 • Email : sales@perfectscale.in, perfect.scale@yahoo.com • Web : www.perfectscale.in

ECOSYSTEM RESOURCE MANAGEMENT PVT. LTD.
ECO CHEM SALES & SERVICES
ECO GROUP OF COMPANY
Mrs. Rekha Shah (Director)
+91 99279 34111
eco@ecoshripad.com
SERVICES :-
• Environment Audit • Effluent Treatment Chemical
• Environment Counsultancy : EIA / EC / CRZ / Forest Clearance / Permits
• Effluent Treatment Plant & Operation & Maintenance
• Environment Monitoring & Testing Laboratory (MoEf / NABL Approved)
• Turnkey Project - ETP / STP / WTP / RO
Head Office Address
Office Floor, Ashoka Pavilion - A, Opp Kapadiya Health Club, New Civil Char Rasta, Surat, Gujarat - 393001 Mo :- 84605-45050, 88660-69151
Branches Office
VAPI, Mo:- 94262-63805
DAHEJ, Mo :- 81600-92635

Term Loan Purchase of Plant and Machinery
FAS FINCURE ADVISORY SERVICES
VIVEK GANDHI
9327111105
UNSECURED MACHINERY LOAN FROM GOVERMENT BANK
❄ Term Loan Amount:-
Rs. 50 Lacs to Rs. 750 Lacs
❄ Rate of Interest:
8.00% p.a – 8.40% p.a (REPO Linked)
❄ Collateral Security :-
Family Owned Factory: Only 5% Fixed Deposit
Rented Factory: Only 15% Fixed Deposit
No Property required as collateral security
No CGTMSE Charges
❄ 100 % Loan Amount of Machine Quotation

MEGA MACHINERY
M.D. PATEL +91 98241 01133
Mfg. Of: cGMP Centrifuges
1. Top Discharge Centrifuge
2. Beg Lifting Centrifuge
3. Bottom Discharge Centrifuge
Plot No: A1-5301, Nr. J.P. Industries, Mega Chowkadi, GIDC, Ankleshwar - 393 002
E-mail: sales@megamachineryindia.com | www.megamachineryindia.com

SHIVAM INDUSTRIES
Manufacturing - Repairing - Service
Rajesh Jayswal +91 982 515 2797
Our Product :
• Graphite Heat Exchanger
• Graphite Condenser
• Graphite Reboiler
• Graphite Falling Film Absorber
• Graphite Ejector
• Graphite Evaporator
Email : info@graphite.com
www.graphitehe.com
7- Sarvoday Estate, Opp. Ankhol Bus Stop Nr. Waghodia Cross Road Vadodara (3930019), Gujarat, India

Jayendrasinh K Parmar 9427059739
CEng Chartered Engineer
28, 29, 30, Parmeshwar Estate II, Opp. HDFC Bank, Phase I, GIDC Estate, Vatva, Ahmedabad- 382445, Gujarat
E-mail: jaypar2000@gmail.com.
SERVICES REGARDING CHARTERED ENGINEER CERTIFICATE FOR CHEMICAL PROJECT
★ PRODUCTION VS PLANT CAPACITY CERTIFICATE
★ ADEQUATE INSTALLED PLANT & MACHINERY CERTIFICATE.
★ EPCG SCHEME FOR DGFT (APPENDIX- 32A) .
★ ADVANCE LICENSE CERTIFICATE (APPENDIX- 32B / 11A).
★ CERTIFICATE REGARDING TECHNICAL MATTER OR ANY OTHER AS PERREQUIREMENT.
★ CERTIFIED THE PROJECT REPORT.

# તંત્રીલેખ

## દેશનું નામ ભારત જ રાખવા લોકમાંગ ઊભી થઈ રહી છે

આપણા દેશનું નામ ભારત હોવું જોઈએ તે લગભગ સૌ ભારતીયોની અંતરની અપેક્ષા છે. જયારે આ મુદ્દો છેડાયો ત્યારે સૌને પોતાના મનની વાત કોઈએ રજુ કરી હોય તેવું લાગ્યું. જો કે તે માટેનો સમય પાકી ગયો છે. અગાઉની સરકારોએ આ પ્રશ્ન કેમ ના ઉપાડ્યો તે સામો પ્રશ્ન કરવા જેવો છે.

જયારે ગુજરાતી પ્રાથમિક શાળામાં ભણતા હતા ત્યારે એક પ્રશ્ન પૂછાતો હતો કે આપણા દેશનું નામ ભારત કેવી રીતે પડ્યું? તેનો જવાબ એવો ગોખી દીધો હતો કે કડકડાટ લખી નાખતા. શકુંતલાના વીર પુત્ર ભરતના નામ ઉપરથી આપણા દેશનું નામ ભારત પડ્યું. હવે બીજો પ્રશ્ન પૂછતો હતો કે શકુંતલાનો પુત્ર ભરત વીર કેમ? બાળપણમાં ભરત સિંહના બચ્ચાં સાથે રમી રહ્યો હતો અને તેનું મોં ખોલીને તેના દાંત ગણી રહ્યો હતો. તેની આ વીરતાની એક વાત ભણવામાં આવતી હતી.

સાચું કહું તો ઈન્ડિયા નામ વિષે મનમાં ઘણી વખત પ્રશ્નો ઉદભવ્યા હતા. ગુલામીના પ્રતીક સમા આ નામનો ઉપયોગ કરતી વખતે મનમાં પ્રશ્નો પણ થતા હતા કે આપણું પોતાનું નામ હોવું જોઈએ. હવે ચર્ચા ઉપાડી છે કે દેશનું નામ કેમ ના બદલાવું? આવનાર સમયમાં દેશનું નામ બદલવા મુહિમ પણ ઉપડી શકે છે. રાજકીય પક્ષો તેમના મેનીફીસ્ટોમાં પણ તેને દાખલ કરી શકે છે.

આપણા બંધારણમાં ઈન્ડિયા અને ભારત બંને શબ્દોનો ઉપયોગ કરવાની છૂટ છે. છતાંય વિદેશમાં આપણે ઈન્ડિયા શબ્દને વધારે પ્રાધાન્ય આપ્યું. અનેક સંસ્થાઓ સાથે તે વણાઈ ગયું છે. ભારત શબ્દના ઉપયોગ માટે ક્યાં ક્યાં ફેરફારો કરવા જરૂરી છે તે ચર્ચાનો વિષય બની જાય છે. જી-૨૦ ના સમારોહમાં રાષ્ટપતિ તરફથી અપાયેલ આમંત્રણમાં ભારત શબ્દનો ઉપયોગ થતા ચર્ચાએ વેગ પકડ્યો છે.

વડાપ્રધાન નરેન્દ્ર મોદીએ ગુલામીની એક એક નિશાનીને મિટાવવાની કાર્યવાહી હાથ ધરી છે. તે બાબતમાં બહુ ઝડપથી આગળ વધી રહ્યા છે. તેમને ઈન્ડિયા ગેટ ઉપર સુભાષચંદ્ર બોઝની પ્રતિમા મુકાવી. આંદામાન નોકોબારની આસપાસ આવેલ નાના નાના ટાપુઓને પરમવીરચક્ર મેળવનાર યોદ્ધાઓના નામ આપ્યા. નેવીના સિમ્બોલ ઉપર અંગ્રેજ ચિહન હટાવ્યું . આ રીતે તેમને ગુલામીની લઘુતાગ્રંધી દૂર કરવા પ્રયાસ કર્યો. તેની ખુબ ધારી અસર થઈ રહી છે. જે હેતુ માટે તે કરવામાં આવી રહ્યું છે તે પાર પડી રહ્યો હોય તેવું પ્રદીપાદિત થઈ રહ્યું છે.

એક વાત સ્પષ્ટ થઈ ગઈ કે દેશનું નામ ભારત રાખવા માટે હવે ચક્રો ગતિમાન થશે જ. લોકોના મનમાં આ વાત ઉતારી ગઈ છે. અગાઉ પણ અનેક દેશો એ તેમના નામ બદલ્યા છે. તે માટે સૌના અલગ અલગ કારણો હતા. આપણું પણ અલગ કારણ છે. અગાઉ પણ બરોડાનું વડોદરા, બોમ્બેનું મુંબઈ, મદ્રાસનું ચેન્નાઇ શહેરોના નામ બદલાય છે. જે અંગેજોના નામની અસર નીચે હતા.

વાસ્તવમાં, કોઈપણ રાષ્ટ્રનું નામ પરોક્ષ રીતે તે દેશની ઓળખ અને ઐતિહાસિક વારસાનું ગૌરવ વધારતું હોય છે. ત્યાંના નાગરિકોને તેમના ઈતિહાસ, સંસ્કૃતિ અને સભ્યતામાં ગર્વની યાદ અપાવે છે. સ્વાભાવિક છે કે, રાષ્ટ્રોના નામો ત્યાંના લોકોના પ્રવાહમાં વહેતા ઈતિહાસનું ગૌરવ રહ્યું છે અને તેની સાથે કોઈ પણ પ્રકારનું પરિવર્તન ઘણીવાર રાજકીય રમખાણોનું કારણ બન્યું છે.

૧૯૭૨ માં સિલોન તરીકે ઓળખાતો દેશે તેનું નામ બદલી શ્રીલંકા રાખ્યું. તેને બ્રિટિશરો દ્વારા અપાયેલ તે નામની જગ્યાએ પોતાની સંસસ્કૃતિને અનુકૂળ નામ રાખ્યું. આપણી પૂર્વમાં આવેલ બર્માએ ૧૯૮૯માં તેનું નામ બદલી મ્યાનમાર રાખ્યું. ૧૯૭૧માં પૂર્વ પાકિસ્તાન અલગ થઈને તેની સંસ્કૃતિને અનુકૂળ બાંગ્લાદેશ નામ રાખ્યું.

આમ તો કેટલીક જગ્યાએ હિન્દીમાં ઈન્ડિયાની જગ્યાએ ભારતનો ઉપયોગ થઈ છે. ઈંગ્લીશમાં ઈન્ડિયન રેલ્વે તો હિન્દીમાં ભારતીય રેલ્વે લખાય છે. રિઝર્વ બેંક ઓફ ઈન્ડિયા ને હિન્દીમાં ભારતીય રિઝર્વ બેંક લખાય છે. ભારત શબ્દનો ઉપયોગ આપણા માટે નવો નથી.

## અંકલેશ્વર એસ્ટેટમાં જન્માષ્ટમી નિમિત્તે શોભાયાત્રાનું ભવ્ય આયોજન



અંકલેશ્વર એસ્ટેટ રહેણાંક વિસ્તારમાં આવેલ શ્રી સરદાર પટેલ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા કૃષ્ણ જન્મોત્સવ નિમિત્તે બે રેકોર્ડ માટે વર્લ્ડ બુક ઓફ ઈન્ડીયામાં સ્થાન મેળવ્યું છે. જેમાં પ્રથમ રેકોર્ડ વિશ્વનો સૌથી મોટો કૃષ્ણ ઝૂલો અને બીજો ૪૫૧ કાનુડાને એક ઝૂલે ઝુલાવી બનાવવામાં આવ્યો છે.

અંકલેશ્વરમાં શ્રી સરદાર પટેલ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા ૯ વર્ષથી જન્માષ્ટમી નું ભવ્ય આયોજન કરવામાં આવે છે. આ વર્ષે પણ ટ્રસ્ટ દ્વારા ભવ્યાતિભવ્ય શોભાયાત્રાનું આયોજન કરવામાં આવ્યું હતું. જેમાં ઉત્સવ સાંસ્કૃતિક કમિટીએ ભવ્ય રથ તૈયાર કર્યો હતો. આ જન્માષ્ટમી શોભાયાત્રા દરમિયાન બે રેકોર્ડ સ્થાપવાના આશયથી વિશેષ આયોજન કરવામાં આવ્યું હતું.

આ પ્રસંગે વર્લ્ડ બુક ઓફ ઈન્ડિયાના જિનિયન્સ ફાઉન્ડેશન અમદાવાદના પ્રમુખ પાવન સોલંકીએ વિશ્વના સૌથી મોટા કૃષ્ણ ઝુલા અને ૪૫૧ કાનુડાને ઝુલાવાયાના રેકોર્ડ સ્થાપનાર ટ્રસ્ટને સર્ટિફિકેટ આપી બે વર્લ્ડ રેકોર્ડ નોંધણી કરી છે.

આ પ્રસંગે પવન સોલંકીએ જણાવ્યું હતું કે અંકલેશ્વર ખાતેની સરદાર પટેલ સેવા સમાજ ટ્રસ્ટ દ્વારા જન્માષ્ટમી પર્વની ઉજવણી કરવામાં આવી હતી. તે પ્રસંગે તેમને ૧૫ ફીટ ઊંચો, ૨૦ ફીટ લાંબો હિંચકો બનાવ્યો હતો. જેમાં ૧૮ ફીટનો વચ્ચેના ભાગે ઝૂલો બનાવ્યો હતો. તે વિશ્વનો સૌથી મોટો કૃષ્ણ ઝૂલો હોવાનો વર્લ્ડ રેકોર્ડ હોવાનું સર્ટિફિકેટ આપવામાં આવે છે. આ ઉપરાંત રાત્રે આ કૃષ્ણ ઝૂલા ઉપર ૪૫૧ કાનૂડાઓ ઝૂલે ઝુલાવી બીજો વિશ્વ્ રેકોર્ડ કર્યો હતો.

અંકલેશ્વર નોટીફાઈડ વિસ્તારમાં સરદાર ભવનથી૭૦ જેટલી સેવાભાવી સંસ્થાઓ દ્વારા વિવિધ કલાત્મક રથ સાથે ભવ્ય શોભાયાત્રા નીકળી હતી. તેને માણવામાટે મોટી સંખ્યામાં લોકો ઉમટી પડ્યા હતા. આ ૯ મી શોભાયાત્રા હતી.શોભાયાત્રા અંકલેશ્વર એસ્ટેટ માટે પરંપરાનો એક ભાગ બની ગયો છે. જેમાં વિવિધ સંસ્થાઓ અને લોકો ભાગ લઈ અનેકતામાં એકતાના દર્શન કરાવે છે.

આ શોભાયાત્રાને સફળ બનાવવા માટે શ્રી સરદાર પટેલ સેવા સમાજ ટ્રસ્ટના આગેવાનો અને ભાગ લેનાર સૌએ ભારે જહેમત ઉઠાવી કાર્યક્રમને સફળ બનાવ્યો હતો.

સંસ્થાએ બે વર્લ્ડ રેકોર્ડ પોતાને નામે કર્યા

## UPL લિમિટેડ દ્વારા ૨૦૦ બાસમતી ચોખા ઉત્પાદકો માટે એક દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન

ક્રોપ કેર ફેડરેશન ઓફ ઈન્ડિયા (CCFI) અને UPL લિમિટેડે તાજેતરમાં હરિયાણાના પાણીપતમાં ૨૦૦ બાસમતી ચોખા ઉત્પાદકો માટે એક દિવસીય તાલીમ કાર્યક્રમનું આયોજન કર્યું હતું.

જેમાં બાસમતી ખેડૂત સમુદાયમાં જાગૃતિ લાવવા માટે PPE કીટ પહેરેલા બાસમતી ઉત્પાદકો માટે CCFI દ્વારા સુરક્ષિત છંટકાવની તકનીકો પર CCFI દ્વારા જીવંત પ્રદર્શન તેમજ વિડિયો ફિલ્મોબતાડવામાં આવી હતી. આ કાર્યક્રમમાં ખેડૂતો પાસેથી બાસમતી ચોખાની ખરીદીમાં મેગા બાસમતી પ્રોજેક્ટમાં સંકળાયેલા ફ્રેન્ચ જૂથ ઈબ્રો ઈન્ડિયા સાથે UPLના હરિન્દર બેન્સ દ્વારા ડાંગરની જીવાતો અને રોગો પર પ્રેઝન્ટેશન પણ દર્શાવવામાં આવ્યું હતું.

તાલીમમમાં બીજની સારવાર, નર્સરીની તૈયારી, નીંદણ નિયંત્રણ, જીવાતો અને રોગોનું સંચાલન, પાણીનો મહત્તમ ઉપયોગ અને લણણી પછીના સંગ્રહ અંગે જ્ઞાનની વહેંચણીનો સમાવેશ થાય છે.

પાથરાવાલે પાક સંરક્ષણ, એગ્રોકેમિકલ્સનો સુરક્ષિત ઉપયોગ અને ડીલર પાસેથી ખરીદી કરતી વખતે સાવચેતી અને રસાયણોના સમયસર ઉપયોગના મહત્વ વિશે સમજાવ્યું હતું.

મહેતાએ જંતુનાશકોના ઉપયોગ અંગેની દંતકથાઓ, બાસમતી ચોખા પર જંતુનાશકના ઉપયોગની ભલામણ, લણણી પહેલાના અંતરાલનું મહત્વ (PHI) અંગે સ્પષ્ટતા કરી. જેથી એ સુનિશ્ચિત કરી શકાય કે નિકાસ કરાયેલ માલસામાનમાં કોઈ અસ્વીકાર ન થાય.

તે એક ઈન્ટરેક્ટિવ સત્ર હતું અને જંતુનાશકોના અતિશય ઉપયોગ, માનવ વપરાશ માટે સલામત ખોરાક, અવશેષોના મુદ્દાઓ અને લેવામાં આવેલા નમૂનાઓ પર કૃષિ મંત્રાલય દ્વારા કડક નિયંત્રણ વગેરે પર ઘણી શંકાઓ દૂર કરવામાં આવી હતી.

આ સત્રમાં એ પણ પ્રકાશમાં આવ્યો કે કંપનીઓ યોગ્ય ગુણવત્તાની ખાતરી કરી રહી છે. ભારતીય ઉત્પાદકો દ્વારા ૧૫૦ થી વધુ દેશોમાં નિકાસ અને આર્થિક મહત્વના તમામ પાકો પર જંતુનાશકોના સલામત અને ન્યાયપૂર્ણ ઉપયોગ માટેની તાલીમ - બાસમતી તેમાંથી એક છે. છંટકાવ કરતી વખતે તમાકુ અથવા ધૂમ્રપાનનો ઉપયોગ ટાળવા અને સ્પ્રે સોલ્યુશન બનાવવા માટે પૂરતા પ્રમાણમાં પાણીનો ઉપયોગ કરવામાં આવ્યો છે તેની ખાતરી કરવાની સલાહ આપવામાં આવી હતી.

## શ્રી ખોડલધામ સમિતિ અંકલેશ્વર દ્વારા નવરાત્રિ મહોત્સવ-૨૦૨૩ના આયોજનની તડામાર તૈયારીઓ

શ્રી ખોડલધામ સમિતિ અંકલેશ્વર દ્વારા નવરાત્રિ મહોત્સવ-૨૦૨૩નું આયોજન કરવામાં આવનાર છે. તે માટેની તડામાર તૈયારીઓ ચાલી રહી છે.

શ્રી ખોડલધામ સમિતિ અંકલેશ્વર દ્વારા અંકલેશ્વર જીઆઈડીસીમાં યોગી એસ્ટેટની બાજુમાં વૃંદાવન પાર્ટી પ્લોટ ખાતે નવરાત્રી મહોત્સવનું આયોજન થનાર છે.

આપણી દિકરી આપણા આંગણે થીમ સાથે તેનું આયોજન કરવામાં આવશે.

૧૫ ઓક્ટોબરથી ૨૩ ઓક્ટોબર દરમ્યાન યોજાનાર નવરાત્રીમાં ગાયક તરીકે માનસિંહ ગોહિલ, શીતળ બારોટ અને જિનાલ ખીમાણી તેમના સુર રેલાવશે . સિક્યુરિટી અને પાર્કિંગની પૂરતી વ્યવસ્થા કરેલ છે. ફૂડ કોર્ટની પણ વ્યવસ્થા કરેલ છે.

શ્રી ખોડલધામ સમિતિ અંકલેશ્વરના મુખ્ય કન્વીનર દેવેન સાવલિયા, નવરાત્રી કન્વીનર હસમુખ ચોવટીયા, સહ કન્વીનર મહેશ પાદરીયા અને નિલેશ કાછડીયા જવાબદારી સંભાળી રહ્યા છે.

ખોડલધામ ટ્રસ્ટ દ્વારા રાજયમાં ૨૭ જગ્યાએ નવરાત્રી મહોત્સવનું આયોજન કરાય છે. અંકલેશ્વર ખાતે ૨૮ મુ નવરાત્રી મહોત્સવનું આયોજન છે. બધી જ જગ્યાએ સમાનતાથી આયોજન થાય તેની કાળજી લેવાય છે.

## અંકલેશ્વરના નિલકંઠ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝ દ્વારા કર્મચારીઓને ભગવત ગીતાનું વિતરણ કરી જન્માષ્ટમીની અનોખી રીતે ઉજવણી કરવામાં આવી

તા.૬ સપ્ટેમ્બરના રોજ કૃષ્ણ જન્મોત્સવની પૂર્વ સંધ્યાએ અંકલેશ્વરની નીલકંઠ ગૃપ ઈન્ડસ્ટ્રીઝમાં અનોખો કાર્યક્રમ યોજાયો હતો. જન્માષ્ટમીની ઉજવણીના ભાગરૂપે કર્મચારીઓને ભગવદ ગીતાનું વિતરણ કરાયું હતું. ઉત્થાન (શ્રીમદ ભગવત ગીતાનો સારો અંતર્ગત ઈસ્કોન સંસ્થાના આચાર્ય ચૈતન્ય મહાપ્રભુજીએ ગીતાનું મહત્વ સમજાવ્યું હતું.

અંકલેશ્વર સ્થિત નીલકંઠ ગ્રુપ ઓફ ઈન્ડસ્ટ્રીઝના ચેરમેન વિપુલભાઈ ગજેરાને વિચાર આવ્યો કે, આપણે કર્મચારીઓના હિત માટે અલગ અલગ કાર્ય કરીએ છીએ, પરંતુ કર્મચારીઓના માનસિક અને આધ્યાત્મિક કલ્યાણ માટે પણ કંઈક કરવું જોઈએ. જેથી તેમણે કર્મચારીઓને ભગવત ગીતાનું દાન કરવાનું વિચાર્યું. આ અદભૂત વિચારને અમલમાં મુકવા જન્માષ્ટમી પૂર્વે એક અનોખો કાર્યક્રમ યોજયો હતો. જેમાં ઈસ્કોન સંસ્થાના આચાર્ય ચૈતન્ય મહાપ્રભુજીને આમંત્રિત કર્યા હતા. ચૈતન્ય મહાપ્રભુજીએ ગીતાનું મહત્વ સમજાવતા કહયું હતું કે ભગવતગીતામાં દરેક સમસ્યાનું સમાધાન રહેલું છે. ગીતામાં જીવ, ઈશ્વર, પ્રકૃતિ, કાળ અને કર્મના સિદ્ધાંતનું જ્ઞાન છે. ભગવત ગીતા દિવ્ય ગ્રંથ છે, જે સૃષ્ટિને અર્જુનના માધ્યમથી અપાયું છે. માણસ મૃત્યુ પામે પછી ગીતાનું પઠન થાય છે. પરંતુ માણસે જીવતા જીવ ગીતાનું વાંચન કરવું જોઈએ.

ગીતામાં કહેવાયું છે કે મારું સ્મરણ કરતાં કરતાં તું (અર્જુન) યુધ્ધ કર એ રીતે માણસે પણ પોતાના તમામ કામ કરતા કરતા નિત્યક્રમની સાથે સાથે ગીતા વાંચવાની છે. એના માટે કોઈ વ્યકિતએ પોતાનો કામ ધંધો છોડવાની જરૂર નથી. આપણા જીવનનો મુખ્ય ઉદેશ સુખી થવું છે અને ભગવત ગીતા વાંચ્યા વગર સુખી થવાય નહીં.

આ પ્રસંગે ગ્રુપના ચેરમેન વિપુલભાઈ ગજેરાએ જણાવ્યું હતું કે ગીતા વાંચશો તો પહેલી વખત કંટાળો આવશે. બીજી વાર મજા આવશે અને ત્રીજીવાર વાંચશો ત્યારે તમને આપ મેળે ભાવ જાગશે. કંપનીમાં તમને જે કામનું વળતર મળે છે એ જ કરો છો. જેનાથી તમારું અને પરિવારનું પોષણ થાય છે. પરંતુ આત્માનું પોષણ તો માત્ર ગીતા અને આધ્યાત્મથી જ મળે છે. ભગવદ ગીતા એ સંપૂર્ણ શાસ્ત્ર છે તેમાં તમામ શાસ્ત્રો સમાયેલા છે.

## અંકલેશ્વરના પી.પી. શેઠને પર્યાવરણીય એવોર્ડ




વર્લ્ડ સીનિઅર સીટીઝન ડે નિમિત્તે ૨૧ ઓગસ્ટે પર્યારણની જાગૃતતા ક્ષેત્રે, Seniorworld.com, Senior world, Silver Wings, FEST 2023, તરફથી, અંકલેશ્વરના પર્યાવરણવાદી અને ટેકનોક્રેટ પ્રવીણચન્દ્ર શેઠ ને, તાજેતરમાં યોજાયેલઈન્ટરનેશનલ વેબિનાર (zoom),માં Silver wing award 2023, CERTIFICATE OF ACHIEVEMENT -ENVIVIRONMENT એવોર્ડએનાયત કરાયો અને સાલ ૧૯૭૩ થી આજ દિન સુધી (,વાપી થી અંકલેશ્વર,છેલ્લા ૫૦ વરસ થી ) સ્વ ખર્ચે ,પર્યાવરણ ક્ષેત્રે યુવાનીથી વૃદ્ધ વય સુધી આપતા રહેતા પર્યાવરણીય યોગદાનની પ્રશંસા કરેલ હતી.

Authorised Dealer:
FAIR TRADERS
CHASING EXCELLENCE, DELIVERING VALUE
G-8, Ground Floor, Asian Trade Centre,
Asian Paint Chowkdi, GIDC,
Ankleshwar- 393 002, Gujarat (India)
E-mail: fairtraders_ank@yahoo.co.in
Mob: +91 90335 77707
Mob: +91 98241 11510
SPITMAAN® Champion Jointing Pvt. Ltd.
Sealflex™ Jointing Sheet
• Asbestos & Non Asbestos Gasket & Sheet • Spiral Wound Gasket • Teflon Products
• All Type of Packing • Expanded PTFE Products • PVC Gasket

ISO 9001:2015 CERTIFIED
Subhashchandra S. Rathour (Director) 98241 48450
ISO:9001:2015 Certified Company SINCE - 1998
REAL SCIENTIFIC INDUSTRIES
SUPPLIERS & REPAIRERS FOR GLASS PLANTS SYSTEMS & EQUIPMENTS
PLOT NO: 4107, NR. CRYSTAL CHOWKADI, G.I.D.C. ANKLESHWAR-393 002, DIST: BHARUCH
OFFICE PH. :02646-222761, MOB: 9824148450-9824423450 - 9904476131
E-mail : sales@realglassware.com & realglassware@gmail.com

# ગુલબ્રાન્ડસેને ભારતમાં દહેજમાં તેની સાઈટ પર તેનો નવો ટીન ઉત્પ્રેરક ઉત્પાદન પ્લાન્ટ શરૂ કર્યો

ગ્લોબલ સ્પેશિયાલિટી કેમિકલ્સ લીડર અને પોલીયુરેથીન ફોમિંગ ઉદ્યોગ માટે ટીન ઉત્પ્રેરકના વિશ્વના સૌથી મોટા ઉત્પાદકો પૈકીના એક ગુલબ્રાન્ડસેને ભારતમાં દહેજમાં તેના નવા ટીન ઉત્પ્રેરક ઉત્પાદન પ્લાન્ટનું કમિશનિંગ અને સલામત સ્ટાર્ટઅપ પૂર્ણ કર્યું છે. આ એકમ સ્ટેનોસ ઓક્ટોએટ અને સ્ટેનોસ નિયોડેકેનોએટનું ઉત્પાદન કરશે.

ગુલબ્રાન્ડસેન ખાતે પોલીયુરેથીન એડિટિવ્સના વૈશ્વિક બિઝનેસ ડિરેક્ટર જોર્ગ ડ્યુબેલે આ પ્રસંગે ટિપ્પણી કરી, "વિશ્વભરની અમારી ટીમોના સુસંકલિત પ્રયાસો બદલ આભાર, અમે આ એકમનું સલામત સ્ટાર્ટ-અપ નિર્ધારિત સમય પહેલા પૂર્ણ કર્યું. આ સુવિધા અમને આ ઉત્પાદનોની વધતી માંગને પહોંચી વળવામાં મદદ કરશે, જ્યારે પોલીયુરેથીન ફોમિંગ ઉદ્યોગને ઉચ્ચ ગુણવત્તાની ઉત્પ્રેરક પ્રદાન કરવાની અમારી પ્રતિબદ્ધતાને પણ મજબૂત કરશે.

ગ્લોબલ સ્પેશિયાલિટી કેમિકલ્સ લીડર ગુલબ્રાન્ડસેને વધતી વૈશ્વિક માંગને પહોંચી વળવા માટે ભારતમાં દહેજમાં સ્થિત નવી ઉત્પાદન સુવિધામાં ટ્રાયથિલ્યુમિનિયમ (TEAL) નું ઉત્પાદન શરૂ કર્યું છે.

પોલિઓલેફિન્સ, સિન્થેટિક રબર, ફાર્માસ્યુટિકલ્સ અને અન્ય સુંદર રસાયણોના ઉત્પાદન માટે એલ્યુમિનિયમ આલ્કિલનો ઉપયોગ સહ-ઉત્પ્રેરક તરીકે થાય છે.

×આ રોકાણ ઉચ્ચ ગુણવત્તાવાળા એલ્યુમિનિયમ આલ્કિલ માટે અમારા ગ્રાહકોની વધતી જતી જરૂરિયાતોને પહોંચી વળવા માટે ગુલબ્રાન્ડસેનની પ્રતિબદ્ધતાને સમર્થન આપે છે,× રોન હેચેલ કહે છે, ઓર્ગેનોમેટાલિક્સના વૈશ્વિક બિઝનેસ ડિરેક્ટર. ×દહેજ સાઇટ અમારા લાંબા ગાળાના વ્યૂહાત્મક લક્ષ્યોને હાંસલ કરવામાં અને આ આકર્ષક ઉચ્ચ-વૃદ્ધિવાળા બજારમાં અમારી હાજરીને મજબૂત કરવામાં પણ મહત્વપૂર્ણ ભૂમિકા ભજવશે.

## ગુમાનદેવ રેલ્વે સ્ટેશન ગુડ્ઝ ટ્રેન માટેનું સેન્ટર બનશે

અંકલેશ્વરથી રાજપીપલા દોડતી ટ્રેન અનેક વખત ચાલુ થઈને અનેક વખત બંધ થઇ છે. તેને માટે ફરી એક વખત સારા સમાચાર આવ્યા છે. હવે ગુડ્ઝ ટ્રેન દોડાવવા રેલવેએ હિલચાલ શરૂ કરી છે. ભરૂચ જિલ્લાના ઝઘડિયા ચૈંઢઝના ઉધોગો તેમજ ઉધોગ પતિ સાથે રાજપારડી પ્સ્ઢઝ ની માંગ અને જરૂરિયાત સંતોષવા રેલવે વિભાગે ગુડ્ઝ ટ્રેન શરૂ કરવાની કામગીરી આરંભી છે.

ઝગડિયાના ઉદ્યોગોની તેમને રેલ્વે કનેકટીવીટી મળે તે માટે શરૂઆતથી માંગ હતી. ઝગડીયા મેગા એસ્ટેટ છે અને ત્યાં ઘણી મલ્ટિનેશનલ કંપનીઓ આવેલી છે. તેમની ઘણી પ્રોડક્ટ વિદેશમાં એક્સપોર્ટ થાય છે, તેમજ દેશના વિવિધ ભાગોમાં પણ જાય છે. આ ઉપરાંત આ વિસ્તરમાં રાજપારડી ખાતે GMDC આવેલી છે. તેને પણ પરિવહનની સુવિધા મળી રહેશે.

પ્રસિદ્ધ ગુમાનદેવ રેલવે સ્ટેશન અંકલેશ્વર-રાજપીપળા રેલવે લાઈન પર ઝઘડિયા અને રાજપારડીના ઉધોગો માટે સેન્ટર હબ છે. ગુમાનદેવ સ્ટેશન ખાતે રેલવે તંત્ર ગુડ્ઝ શેડ બનાવવાનો પ્રોજેક્ટ અમલમાં મૂકી રહી છે. જેને લઈ ગુમાનદેવ માં માલ પરિવહન માટે યાર્ડ બનાવ્યા બાદ અહીંથી ગુડ્ઝ ટ્રેન દેશભરમાં દોડશે.

ઝઘડિયા GIDC અને રાજપારડી GMDC માંથી ગુમાનદેવ સ્ટેશનેથી ગુડ્ઝ ટ્રેન મારફતે સિલિકા, કોલસો, અને ખનીજ, રસાયણો, ઉધોગોના માલ પરિવહન ની શરૂઆત થશે. સાથે જ કેળાની પણ નિકાસ રેલ મારફતે કરવાનું આયોજન હાથ ધરાયુ છે.

## ઈન્સેક્ટીસાઈડ્સ ઈન્ડિયા આગામી ૨ વર્ષમાં ક્ષમતા વિસ્તરણ પર રૂ. ૧૫૦ કરોડનું રોકાણ કરશે

ઈન્સેક્ટીસાઈડ્સ ઈન્ડિયા લિમિટેડ (IIL)ના મેનેજિંગ ડિરેક્ટર રાજેશ અગ્રવાલે જણાવ્યું હતું કે કંપની આગામી બે વર્ષમાં રાજસ્થાન અને ગુજરાતમાં ક્ષમતા વિસ્તરણ માટે રૂપિયા ૧૫૦ કરોડનું રોકાણ કરશે અને 'નવરાત્રિ' પહેલા નવા હર્બિસાઇડ અને જંતુનાશક ઉત્પાદનો પણ લોન્ચ કરશે.

રાજેશ અગ્રવાલે વધુમાં જણાવ્યું હતું કે રાજસ્થાનના બેહરોર જિલ્લામાં સોતનાલા ખાતે નવો પ્લાન્ટ સ્થાપવા કંપની આગામી બે વર્ષમાં આશરે રૂપિયા ૧૦૦ કરોડનું રોકાણ કરશે.

તેમણે કહ્યું, ×ગયા અઠવાડિયે, અમે બેહરોર જિલ્લાના સોતનાલા ખાતે ૧૫ એકરનો પ્લાન્ટ હસ્તગત કર્યો છે. ત્યાં પહેલેથી જ ઘણા બધા શેડ છે અને અમે એગ્રો-કેમિકલ્સ બનાવવાની યોજના બનાવી રહ્યા છીએ. આગામી બે વર્ષમાં અમે અહીં લગભગ ૧૦૦ કરોડ રૂપિયાનું રોકાણ કરીશું. તેમણે કહ્યું કે આ પ્લાન્ટ તબક્કાવાર કાર્યરત કરવામાં આવશે અને વર્ષના અંત સુધીમાં કામ શરૂ થઈ શકે છે, રાજસ્થાનમાં આ બીજો પ્લાન્ટ છે અને બીજો એક ચોપંકીમાં આવેલો છે જે માં કામ ચાલુ છે.

અગ્રવાલે વધુમાં જણાવ્યું હતું કે, કંપની ગુજરાતના દહેજમાં સ્થિત તેના જીઈઢ પ્લાન્ટના વિસ્તરણ માટે આગામી નાણાકીય વર્ષમાં રૂપિયા ૨૫ કરોડનું રોકાણ કરશે અને તે માટેની જમીન દિવાળી સુધીમાં સંપાદિત કરવામાં આવશે. તેમણે જણાવ્યું હતું કે આવતા વર્ષ સુધીમાં ૮-૯ સક્રિય ઘટકોના ઉત્પાદન માટે ચોપંકી અને દહેજ ખાતેના તેના ટેકનોલોજી પ્લાન્ટના એકીકરણ માટે રૂપિયા ૨૫ કરોડનું રોકાણ કરવામાં આવશે.

એકંદરે, અમે આગામી બે વર્ષમાં રૂપિયા ૧૫૦ કરોડનું રોકાણ કરીશું, તેમણે ઉમેર્યું હતું કે, આ રોકાણ આંતરિક ઉપાર્જન અને નાની રકમના દેવાથી આવશે.

કંપની પાસે જમ્મુ અને કાશ્મીરમાં બે પ્લાન્ટ અને આર એન્ડ ડી સેન્ટર અને ઉત્તર પ્રદેશમાં એક જૈવિક પ્લાન્ટ પણ છે.

નવી પ્રોડક્ટ્સ વિશે વાત કરતાં અગ્રવાલે કહ્યું કે કંપની જૂની જેનરિક પ્રોડક્ટ્સને હટાવીને વેલ્યુ એડિશન સાથે નવી પ્રોડક્ટ્સ ઉમેરશે. અમારી નવી પાઈપલાઈન મોટાભાગના પાકો માટે ખૂબ જ મજબૂત છે. અમે બીજા ક્વાર્ટરમાં ત્રણ હર્બિસાઇડ અને જંતુનાશક ઉત્પાદનો લોન્ચ કરીશું,

હર્બિસાઈડ 'ગ્રીન એક્સપર્ટ' ચાલુ મહિનામાં જ લોન્ચ કરવામાં આવી છે. વર્તમાન ક્વાર્ટરમાં, કંપની ડુંગળી માટે અન્ય હર્બિસાઇડ 'અપપરાક્ષી' જ્યારે શેરડી માટે 'નક્ષત્ર' લોન્ચ કરશે. ડાંગર, શેરડી અને શાકભાજી માટે નવી જંતુનાશક 'સુપ્રિમો' પણ લોન્ચ કરવામાં આવશે.

કંપનીએ વર્ષ ૨૦૨૩-૨૪ના પ્રથમ ત્રિમાસિક ગાળામાં તેના એકીકૃત ચોખ્ખા નફામાં ૨૪ ટકાનો ઘટાડો નોંધાવ્યો હતો જે રૂ. ૨૯.૧૪ કરોડ નોંધાયો હતો.

## આશરે ૮૦૦ કરોડ રૂપિયાના ખર્ચે ભરૂચ-દહેજ ૮ લેન એક્સેસ કંટ્રોલ્ડ એક્સપ્રેસ વે બનશે


દેશમાં દહેજ PCPIR નો વિકાસ બહુ ઝડપથી થઇ રહ્યો છે. તે માટે જરૂરી ઈન્ફ્રસ્ટ્રચર બનાવવા મમતે કેન્દ્ર અને રાજ્ય સરકાર મક્કમ છે. ભરૂચ-દહેજ ૮ લેન એક્સેસ કંટ્રોલ્ડ એક્સપ્રેસ વે માટે GSRTC દ્વારા ટેન્ડર બહાર પાડવામાં આવ્યું છે. ૪૮ કિમી લાંબા સ્ટેટ હાઈવે ૬ પર રૂપિયા ૮૦૦ કરોડના ખર્ચે IHAN બેઝ પર પ્રોજેક્ટ નિર્માણ.

સંચાલન અને વ્યવસ્થાપન માટે ૨૫ ઓક્ટોબર સુધીમાં બીડ મંગાવાઈ છે. દહેજ સ્ટેટ હાઇવે દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે અને NII8 સાથે સીધો જોડાઈ જશે.

હાલ દહેજ બંદર અને ઔદ્યોગિક વસાહત ૬ ખાનગી જેટીથી સજ્જ છે. જેમાં આવનાર સમયમાં કરોડોના ખર્ચે વધુ ૨ સરકારી પોર્ટ આકાર પામનાર છે.

રેલવે મારફતે તે ભરૂચ-દહેજ બ્રોડગેજ લાઈન થી દેશના રેલ નેટવર્ક સાથે જોડાયેલ છે. જેમાં તે દહેગામથી અમદાવાદ-મુંબઈ બુલેટ ટ્રેન સાથે વર્ષ ૨૦૨૭ સુધીમાં સંકળાઈ જશે. વધુમાં વર્ષ ૨૦૨૪ માં જ દયાદરાથી દિલ્હી- મુંબઈ ડેડીકેટેડ વેસ્ટર્ન ફ્રેટ કોરિડોર ગુડ્ઝ ટ્રેન પ્રોજેક્ટ સાથે કનેક્ટિવિટી મળશે. હાઈવે માં સ્ટેટ હાઈવે બાદ મુંબઈ-દિલ્હી એક્સપ્રેસ વે જોડે વર્ષ ૨૦૨૩ના અંત સુધીમાં જોડાણ મળી જશે. નેશનલ હાઈવે ૪૮ જોડે પણ દહેજનું જોડાણ અપગ્રેડ કરાઈ રહ્યું છે. તો ૮૦૦ કરોડના ખર્ચે ૮ લેન એક્સેસ કંટ્રોલ એક્સપ્રેસ વે નું નિર્માણ કાર્ય શરૂ કરવા ગુજરાત સ્ટેટ રોડ ડેવલોપમેન્ટ કોર્પોરેશન દ્વારા ૪૮ કિમી માટે ટેન્ડર જારી કરાયું છે.

હાઈબ્રીડ એન્યુઈટી મોડ પર પ્રોજેક્ટ માટે ૨૫ ઓક્ટોબર સુધીમાં બીડ મંગાવાઈ છે. ભરૂચ-દહેજ ૮ લેન એક્સપ્રેસ વે બનતા SH-6 દિલ્હી-મુંબઈ એક્સપ્રેસ વે અને NII-48 જોડે સીધું જોડાણ થઈ જશે. સાથે જ દહેજમાં 25 KM નો કોસ્ટલ રોડ સાથે ઈમરજન્સી એસ્કેપ રોડ પણ નિર્માણ કરવાનું આયોજન છે.

# BEIL ઇન્ફ્રાસ્ટ્રચર કંપની દ્વારા ઝઘડિયા જીઆઈડીસીમાં આશરે ૧૩ હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કરી જાણવણીને એક વર્ષ પૂર્ણ થતા નિરીક્ષણ કાર્યક્રમ યોજાયો





ઝઘડિયા નોટિફાઈડ એરીયાઑથોરિટીઅને ઝઘડિયા ઈન્ડસ્ટ્રીઝ દ્વારા ૧૦૦ એકર જેટલી જમીનમાં ગ્રીન બેલ્ટ માટે વૃક્ષારોપણ માટેનો સંકલ્પ કરવામાં આવ્યો છે. તેના અનુસંધાને કામ પણ ચાલી રહ્યું છે.

આ માટે ઝઘડિયા નોટિફાઈડ એરીયા ઓફિસ દ્વારા ઝઘડિયા જીઆઈડીસીમાં આવેલ વિવિધ એકમોને જમીન પણ ફાળવવામાં આવી છે. ગત સપ્ટેમ્બર માસમાં BEIL ઈન્ફ્રાસ્ટ્રચર કંપની દ્વારા રોટરી ક્લબ ઓફ અંકલેશ્વરના સહયોગથી ૫૫૦૦૦ ચોરસમીટર જગ્યામાં આશરે ૧૩ હજાર જેટલા વૃક્ષોનું વાવેતર કરવામાં આવ્યું હતું જેને ૨ જી સેપ્ટેમ્બરે એક વર્ષ પૂર્ણ થતું હોય તેની ઉજવણીના ભાગરૂપે વધુ વૃક્ષારોપણ તે સ્થળે કરવામાં આવ્યું છે.

આ પ્રસંગે BEIL ઈન્ફ્રાસ્ટ્રચર કંપની અને ઝઘડિયા ઈન્ડસ્ટ્રીયલ એસોસિએશનના પ્રમુખ અશોક પંજવાણી જણાવ્યું હતું કે ૧૦૦ એકર જેટલી જમીનમાં લેન્ડ ડેવલપમેન્ટ સંકલ્પ સાકાર કરવા બેલ કંપની દ્વારા ૧૪ એકર જેટલી જમીનમાં ૨૦૨૨ માં ૧૩ હજાર થી વધુ વૃક્ષો વાવેતર કર્યા હતા, જેને આજે રોજ એક વર્ષ પૂર્ણ થતા તે વૃક્ષ નિરીક્ષણ કરવા અને આજરોજ તેમાં વધુ વૃક્ષોનું વાવેતર કરવામાં આવેલ છે.

આ પ્રસંગે ઝઘડિયા ઈન્ડસ્ટ્રી એસોસિયેશનના વાઈસ પ્રેસિડેન્ટ રાજેશ ના હતા એ જણાવ્યું હતું કે અમારી સામાજિક જવાબદારીના ભાગરૂપે આ વિસ્તારના ડેવલોપ કરવું એ અમારી પ્રથમ જવાબદારી છે.

આ પ્રસંગે ઝગડીયા ઈન્ડસ્ટ્રીઝ અસોસિએશનના પ્રમુખ અશોક પંજવાની, ઉપ પ્રમુખ રાજેશ નાહટા,ઝઘડિયા નોટિફાઈડ એરીયાના ચીફ ઓફિસર બામણીયા, રોટરી ક્લબ અંકલેશ્વરનાપ્રમુખ ઘનશ્યામ ગજેરા, મીરા પંજવાની, BEIL ઈન્ફ્રાસ્ટ્રચર કંપનીના બી.એલ. દલવાડી, નરેન્દ્ર ભટ્ટ તેમજ ઈન્ડસ્ટ્રીઝના સભ્યો મોટી સંખ્યામાં ઉપસ્થિત રહ્યા હતા.

# દહેજની એપિગ્રલ લિમિટેડે ક્લોરિનેટેડ CPVC સંયોજનોમાં વિસ્તરણની જાહેરાત કરી

અગ્રણી ક્લોરો આલ્કલી ઉત્પાદક કંપની એપિગ્રલ લિમિટેડ (અગાઉ મેઘમણી ફાઈનકેમ લિમિટેડ) એ ક્લોરિનેટેડ પોલિવિનાઈલ ક્લોરાઈડ (CPVC) સંયોજનોમાં તેના વિસ્તરણની જાહેરાત કરી.

ગુજરાતના ભરૂચના દહેજ PCPIR ખાતે CPVC કમ્પાઉન્ડ મેન્યુફેક્ચરિંગ પ્લાન્ટ, જેની ક્ષમતા 35,000 TPA છે, તે નાણાકીય વર્ષ ૨૦૨૪ ના ચોથા ત્રિમાસિક ગાળામાં કાર્યરત થવાની અપેક્ષા છે.

જુલાઈ ૨૦૨૨ માં, એપિગ્રલે 30,000 TPAની CPVC રેઝિન ક્ષમતા શરૂ કરી. કંપનીએ ત્યારબાદ Q4FY24 સુધીમાં 75,000 TPA સુધી ક્ષમતા વિસ્તરણની જાહેરાત કરી, જેનો એક ભાગ રૂ. ૨૫ કરોડના વધારાના મૂડીરોકાણ સાથે CPVC કમ્પાઉન્ડ મેન્યુફેક્ચરિંગ માટે ઉપયોગમાં લેવાશે. આ વિસ્તરણ સાથે, એપિગ્રલ દેશમાં CPVC રેઝિન અને CPVC કમ્પાઉન્ડ બંનેના ગ્રાહકોની માંગ પૂરી કરશે. ઉચ્ચ ગરમી અને રસાયણો માટે પ્રતિરોધક, CPVC રેઝિનનો વ્યાપકપણે ઔદ્યોગિક અને ઘરેલું હેતુઓ માટે પાઈપ ઉત્પાદનમાં ઉપયોગ થાય છે. ભારત CPVC રેઝિન અને CPVC કમ્પાઉન્ડ માંગનો ચોખ્ખો આયાતકાર છે.

CPVC કમ્પાઉન્ડના ઉત્પાદનમાં એપિગ્રલના પ્રવેશ સાથે, કંપનીનો ઉદ્દેશ સ્થાનિક પુરવઠાના જથ્થાને વધારવાનો છે, જેનાથી માંગ અને પુરવઠાના તફાવતને દૂર કરવામાં યોગદાન મળે. વિકાસ પર બોલતા, એપિગ્રલ લિમિટેડના ચેરમેન અને મેનેજિંગ ડિરેક્ટર મૌલિક પટેલે જણાવ્યું હતું કે: "અમે એક વર્ષથી વધુ સમયથી આ માર્કેટમાં બહોળા પ્રમાણમાં યોગદાન આપી રહ્યા છીએ, જેણે અમને અમૂલ્ય બજાર અને ક્ષેત્રની આંતરદષ્ટિ એકત્ર કરવામાં સક્ષમ બનાવી છે. ભારતમાં બાંધકામ ઉદ્યોગનો ઝડપી વિકાસ, CPVC ની વધતી જતી માંગ સાથે, વૃદ્ધિ માટેની અપાર તકો રહેલી છે.

મૌલિક પટેલે વધુમાં જણાવ્યું હતું કે "આ વિસ્તરણ CPVC રેઝિન્સના અમારા મૂડી ખર્ચ સાથે સુમેળમાં છે. એક મહત્વાકાંક્ષી અને ગતિશીલ કંપની તરીકે, અમે અમારી વૃદ્ધિની ગતિને ટકાવી રાખવા માટે ભવિષ્યમાં વધુ વિસ્તરણની રાહ જોઈ રહ્યા છીએ,"

# અંકલેશ્વરમાં વરસાદી કાંસમાં કેમિકલ યુક્ત પાણીનો નિકાલ કરતી કંપની ઝડપાઈ

અંકલેશ્વર જીઆઈડીસીમાં સાત ટાંકી વિસ્તારમાં પ્લોટ નંબર ૫૧૪૮ પર આવેલ મયુર કલર એન્ડ કેમિકલ કંપની દ્વારા પાઈપ વડે કંપની બહાર જાહેરમાં કેમિકલયુક્ત પાણીનો નિકાલ કરવામાં આવી રહ્યો હતો. જે અંગે જાગૃત નાગરિકો ને જાણ થતા તેઓ સ્થળ પર આવી આ અંગે જીપીસીબીએ જાણ કરી હતી. પર્યાવરણને જાહેરમાં નુકસાન કરી રહેલા કંપની અંગે જીપીસીબીએ ને જાણ થતાં જ મોનિટરિંગ ટીમ સ્થળ પર દોડી આવી હતી. ટીમ કંપની બહાર આવેલા વરસાદી કાંસમાં થી તેમજ કંપનીના અંદરના વિસ્તારમાં થી સેમ્પલ લીધા હતા. કંપની દ્વારા પર્યાવરણ ના નિયમોનું ઉલ્લંઘન કરી જાહેરમાં પ્રદૂષણ ફેલાવવામાં આવી રહ્યું હતું. જે અંગે જીપીસીબીએ કંપની સ્થળ નોટિસ ફટકારી હતી. અને પ્રદુષિત પાણી ત્વરિત અસરથી ઉઠાવી લેવા ગંભીર ચેતવણી રૂપ તાકીદ કરી હતી. જીપીસીપીની વડી કચેરી ખાતે પણ રિપોર્ટ કરવામાં આવ્યો છે.

# અંકલેશ્વર એસ્ટેટમાં મૅનેજિંગ કમિટીના સભ્યોને ગેરલાયક ઠેરવવાની ચર્ચાએ જોર પકડ્યું છે

અંકલેશ્વર એસ્ટેટમાં અત્યારે એક પ્રશ્ન ચર્ચાની એરણ પર ચડ્યો છે. જયશ્રી એરોમેટિકસના હસમુખભાઈને અંકલેશ્વર ઈન્ડસ્ટ્રીઝ એસોસિએશનની મૅનેજિંગ કમિટીમાંથી ગેરલાયક ઠેરવવાની ચાલી રહેલી કાર્યવાહી ઉપર સૌની નજર છે. આ પગલું યોગ્ય છે કે નહિ તેની ઉપર ચર્ચાઓ થઈ રહી છે.

વર્ષ ૨૦૨૩-૨૪ માટે મૅનેજિંગ કમિટીની ચૂંટણી યોજવામાં આવી હતી. જેમાં જનરલ કેકેગરીમાં સહયોગ પેનલના ૬ સભ્યો અને વિકાસ પેનેલના ૨ સભ્યો ચૂંટાયા હતા. જેમાં વિકાસ પેનલના જયશ્રી એરોમેટિક્સ લિમિટેડના હસમુખ પટેલ જીતી ગયા હતા. હવે હસમુખ પટેલની કંપની મીડિયમ સ્કેલના નોર્મ્સમાં આવતી હોવા છતાં તેઓ જનરલ કેટેગરીમાંથી કેમ લડ્યા તેવો પ્રશ્ન રહી રહીને ઉભો કરાયો છે. જેને લઈને પ્રશ્નો કરાયા છે.

ચૂંટણીમાં ફોર્મ ભરવામાં આવ્યા, તેને મંજુર કરવામાં આવ્યા, ચૂંટણી થઈ. પરિણામ જાહેર કરવામાં આવ્યા. ચૂંટણી પ્રક્રિયા પૂર્ણ થયાનું જાહેર કરાયું. કમિટીની મિટિંગ મળી ગઈ. ત્યારપછી પ્રશ્ન ઉભો કરાયો. હજુ પ્રશ્ન પૂરો થતો નથી. કોઈ નિષ્કર્ષ ઉપર પણ આવતું નથી.

આ માટે એડવાઈઝરી બોર્ડ/ આર્બિટ્રેશન બોર્ડની મિટિંગ પણ મળી ગઈ. જેમાં એસ્ટેટના પૂર્વ પ્રમુખો હોય છે. તેનો રિપોર્ટ મૅનેજિંગ કમિટીને સોંપાયો. કાગળિયા કાર્યવાહી થઈ. હસમુખભાઈએ જરૂરી જવાબો આપ્યા.

હવે હસમુખભાઈએ સેક્રેટરીને ઉદ્દેશીને લખેલ પત્રમાં માંગ કરી છે કે સ્ત્રઝ ૨૩-૨૪ માં જીતેલા/ બિનહરીફ ઉપસ્થિત તમામ સભ્યોના એકમ (કંપની ) જેવાકે Large /Medium/Small or Micro પ્રમાણે બંધારણની રૂએ અને વોટરલિસ્ટ પ્રમાણે ૨૦૧૭-૧૮ થી આજ દિન સુધીની માહિતી નિષ્પક્ષ ચકાસણી કરવા વિનંતી અને આવનારી મેનેજીંગ કમિટીમાં આ માહિતી આપવા વિનંતી કરવામાં આવી છે. પરિસ્થિતિ એવી છે કે ૩૦ સભ્યોની મૅનેજિંગ કમિટીમાં એવા પણ સભ્યો છે જે મીડીયમ સ્કેલમાં આવતા હોવા છતાં સ્મોલ સ્કેલ તરફથી ઉમેદવાર હોય. કંપની ઉત્પાદન કરતી હોવી પણ જરૂરી છે. નિયમોના ચોખટામાં બંધ ના બેસતા હોય તેવા ઉમેદવાર કોણ કોણ હોઈ શકે તે એસ્ટેટમાં ચર્ચાનો વિષય છે. તેમાં કેટલાક નામ અલગ તારવવામાં પણ આવી રહ્યા છે. અત્યારે સ્થિતિ એવી છે કે આધુનિક મહાભારતમાં છ કોઠામાં અટવાયેલો અભિમન્યુ સાતમા કોઠો કઈ રીતે જીતવો તેનું જ્ઞાન ધરાવે છે. જ્યારે ગુરુ દ્રોણ અને કર્ણ જેવા મહારથીઓ ક્યારે સૂર્ય આથમે અને આજના દિવસનું યુદ્ધ પૂરું થવાની ઘોષણા થાય તેની રાહ જોઈ રહ્યા છે.


T.R. ASSOCIATES
Environmental Consultant (NABET Consultant)
Environmental Clearance (MoEF & CC/ SEAC)
Environmental Impact Assessment Report Preparation
NABL Approved Testing Laboratory (Air/Water/Soil/Noise)
T. R. Patel (Director) +91 98253 71099 | Malav Dalwadi (CEO) +91 97231 37312
E-mail: adm.trassociates@gmail.com
C-605 A, Ganesh Mardian, S.G. Highway, Ahmedabad

1. Consultancy Service for Environment Clearance, Consent to Establish, Consent to Operate, Product mix NOC & Rule-9.
2. Competent Person Services Form No. 9, 10, 11.
3. Building Stability Certification, Chartered Engg. Certification.
4. Consultancy Service for Fire NOC
5. Safety Audit, On Site, Off Site & Hazop Study.
6. Permission for Borwell from CGWA
7. Consultancy Service for GIDC Work
8. Consultancy Service for Solvent & Explosive License
9. Consultancy Service for Factory act related work
Shailesh Chaudhari +91 957 410 0078
Ansh Consultancy
Legal Consultancy Services
Office Address: SF-51, Omkar-2 Complex, Station Road, Ankleshwar- 393 002, Dist: Bharuch, State: Gujarat INDIA
Email: anshconsultancy17@gmail.com

Visa
Forex
Passport
Apostille & Attested
GSTIN: 24AHZPS5467P2ZZ
PS travels
TAAPI
Mob: +91 98251 26358 E-mail: pstravels1@gmail.com
G-31, Lake View Plaza, Opp. Shalimar Hotel, Beside Interwood, Near Gorbandh Place, GIDC, Ankleshwar-393 002, Dist: Bharuch (Gujarat)

SOUTH INDIA ROADWAYS ANK.
TRANSPORT CONTRACTOR & COMMISSION AGENT
KAUSHIK PACKERS & MOVERS
Add: R-15, Bhavana Farm, Rajpipla Road, Ankleshwar- 393 002
E-mail: kaushik.vapi@gmail.com, Web: www.kaushikpackersandmovers.in
Customer Care: 02646 312288
98244 21113 93779 61211
98245 02113 93740 26633
SERVICE
TRANSPORTATION, PACKING, UNPACKING, LOADING, UNLOADING, INSURANCE, LOCAL SHIFTING, OFFICE SHIFTING, CAR CARRIER & ESCORT FACILITY ALL OVER INDIA
DOOR TO DOOR SERVICE
Specialist for: 20,32,40,feet Container, Auto Carriers & ODC Suppliers for all over India

Munna Sing, Mob: 98244 86716 Manish singh, Mob: 98244 18777
FIDICON DEVICES INDIA PVT. LTD.
Manufacturer, Exporter & Service Provider of Process Control, Measuring Instrument & Safety Equipment
Plot No. 1706/12, Nr. Rajvi Cinema, GIDC., Ankleshwar - 393 002 | Phone : 02646 - 222238 | Fax : 02646 - 223412
E-mail : sales@fidicondevices.com / fidicondevices@yahoo.com | Website : www.fidicondevices.com



માલિક : જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ દ્વારા મુદ્રિત, પ્રકાશિત તેમજ સંપાદિત તથા ઈંકપોટ પબ્લિકેશન્સ પ્રાઈવેટ લીમીટેડ, ૫૩૦-૫૩૩, નરસિંહ એસ્ટેટ, લુબી જેલ એલ.એલ.પી. ની સામે , બસ સ્ટેન્ડની નજીક, ગામઃ મંજુસર, તાલુકોઃ સાવલી, જિલ્લોઃ વડોદરા, ગુજરાત -૩૯૧૭૭૫ ખાતે મુદ્રિત કરી ઓમકાર-૨ કોમ્પ્લેક્સ, ટી.એફ.-૬૬, ત્રીજો માળ, લોર્ડ્સ પ્લાઝા હોટેલ નજીક, સ્ટેશન રોડ, જી.આઈ.ડી.સી.,અંકલેશ્વર, જિલ્લો : ભરૂચ , રાજ્ય :ગુજરાત -૩૯૩૦૦૨ ખાતેથી પ્રકાશિત કર્યું.
તંત્રીઃ જિતેન્દ્રકુમાર બબલભાઈ પટેલ / EDITOR: JITENDRAKUMAR BABALBHAI PATEL
PRINTED, PUBLISHED, OWNED & EDITED BY JITENDRAKUMAR BABALBHAI PATEL AND PRINTED AT INKPOT PUBLICATIONS PRIVATE LIMITED, 530-533, NARSINH ESTATE, OPP. LUBI GEL LLP, NEAR BUS STAND,VILLAGE: MANJUSAR, TALUKA: SAVLI, DIST: VADODARA, GUJARAT-391775 AND PUBLISHED AT OMKAR-2 COMPLEX, TF-66, THIRD FLOOR, NEAR LORDS PLAZA HOTEL, STATION ROAD, G.I.D.C, ANKLESHWAR, DIST: BHARUCH, STATE: GUJARAT-393002